R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 42 DATE: 20-10-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## સરદાર પટેલનું સ્ટેચ્યુ તેમની જન્મ જયંતિ નિમિત્તે કેવડીયા કોલોની ખાતે મુકવામાં આવશે અને તેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાનશ્રી કરશે



સરદાર પટેલ જયંતી ૩૧ ઓક્ટો.સ્ટેચ્યુ ઓફ યુનીટીનુ ભવ્ય લોકાપર્ણ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.આ કાર્યક્રમને મહત્વાકાક્ષી કાર્યક્રમ બનાવવા માટે તમામ સ્તરેથી પ્રયાસ આદરવામાં આવી રહ્યા છે.આ કાર્યક્રમની તૈયારીનું મોનિટરીંગ રાજ્યના ઉચ્ચ સ્તરેથી લઇને દિલ્હીની પીએમઓ ઓફીસ દ્વાર પણ થઇ રહ્યું છે.વડાપ્રધાનનો ગ્રાફ શો બનાવવા તમામ સ્તરેથી ભારે મોટા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.૨૦૧૯ની ચુંટણીઓ માટે આવા ભવ્ય કાર્યક્રમો કરીને લોકોને આંજી નાખવાનો પ્રયાસ કરવામાં આવશે.

## વિદેશી પ્રોફેશનલો એચ૧-બી વિઝા માટે પ્રસ્તાવ મંજુર થશે તો અરજી નહીં કરી શકે : ભારતીય વિદ્યાર્થીઓને લાભ મળશે

અમેરિકામાં ટ્રમ્પ પ્રશાશન જાન્યુઆરી ૨૦૧૯માં એચ૧-બી વિઝા નીતિમાં મોટા ફેરફાર કરવાનો પ્રસ્તાવ મુકશે. જો આ પ્રસ્તાવ મંજુર થઇ જશે તો વિદેશી પ્રોફેશનલ્સો એચ૧-બી વિઝા માટે અરજી કરી શકશે નહીં.આ નિર્ણયની સૌથી વધુ અસર ભારતીય આઇટી પ્રોફેશનલો પર પડશે.દરમિયાન યુએસ સીટીઝનશીપ એન્ડ ઇમીગ્રેશન સર્વીસીસે વધુ એક પ્રસ્તાવ મુક્યો છે.ટ્રમ્પ પ્રશાશને હાલમાં જ એચ૧-બી વિઝાનો દુરપયોગ અટકાવવા માટે પ્રોફેશનલ્સમાં સર્વશ્રેષ્ઠ લોકોને આ સુવિધા આપવાનો પ્રસ્તાવ મુક્યો હતો.યુએસસીઆઇએસનું કહેવું છે કે ટ્રમ્પનો ઉદ્દેશ ત્યારે જ સંભવ થઇ શકશે જ્યારે દર વર્ષે જારી કરાતા ૮૫,૦૦૦ વિઝા વિદેશી સ્ટુડન્ટોને જ મળે.આને લીધે યુએસસીઆઇએસે અમેરિકામાં વિદેશી સ્ટુડન્ટો માટે પ્રિ-રજીસ્ટ્રેશન સિસ્ટમ શરુ કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. હવે જો આવું થયું તો કોઇપણ વિદેશી અરજી કર્તા એચ૧-બી વિઝા માટે અરજી નહીં કરી શકે. યુએસસીઆઇએસના અહેવાલ મુજબ અમેરિકામાં એચ૧-બી વિઝાની અરજી કરતાં દર ચારમાંથી ત્રણ જણ ભારતીય હોય છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## અમૃતસર ટ્રેઇન દુર્ઘટના માટે રાવણ દહનનો ઉત્સવ જવાબદાર હોવાનું અને તહેવારોમાં ઓતપ્રોત થઇ જતી જનતા માટે હવે ખાસ વ્યવસ્થા કરવી જરુરી છે

છાસવારે તહેવારો દરમિયાન જનતા દુર્ઘટનાનો ભોગ બની રહી છે તે માટે વ્યવસ્થા તંત્રજવાબદાર છે.અમૃતસરની ટ્રેઇન દુર્ઘટના માટે રેલ્વે તંત્ર કે ટ્રેઇન ડ્રાઇવરને જવાબદાર ઠેરવવા કરતાં ટ્રેક ઉપર ભેગી થયેલી જનતાને કોઇ જવાબદારી નથી તેનું ભાન કરાવવાનું રહેશે. મંદિરોમાં તહેવારો દરમિયાન ભેગી થયેલા ભીડમાં શંકા કુશંકા અને અફવાને કારણે થતી ભાગદોડમાં થતી જાનહાની, કે તહેવારોમાં નદી સ્નાન કરવાની બાબતે હોડીઓ ડુબી જવાની ઘટનાઓમાં થતી હિંસા માટે કોની જવાબદારી ફિક્સ કરીશું ? જ્યાં સુધી જનતા પોતાની પવિત્ર ફરજ શિસ્તનું પાલન નહીં કરે તો ત્યાં સુધી આવી ગમખ્વાર ઘટનાઓ ઘટતી રહેશે તે નિશંક છે.

રેલ્વ તંત્રએ પોતાની ભુલ નથી કહીને હાથ અધ્ધર કરી દીધા અને સરકારી તંત્રએ અકસ્માતની મેજીસ્ટેરીયલ તપાસનો હુકમ અને મરનારને અમુક રકમની લ્હાણી કરી નાંખવાથી ઘટનાની ગંભીરતા ઓછી થઇ જતી નથી.જાહેર શિસ્ત લોકોમાં આવે તે માટે સખ્ત કદમ ઉઠાવવાનો પ્રયાસ સરકારોએ હવે કરવો રહ્યો.

## ગંગાનદીને સ્વચ્છ કરવા માટે સરકારે ૩૮૬૭ કરોડનો ખર્ચ કર્યો પરંતુ નદી શુધ્ધ થવાને બદલે વધુ દુષિત થઇ

પ્રખ્યાત પર્યાવરણવિદ અને અનેક વર્ષથી ગંગા નદી શુધ્ધ કરવા માટે કાર્યરત રહેલા પ્રોફેસર જી.ડી.અગ્રવાલનું ગત ૧૧ ઓક્ટો.નિધન થયું હતું. તેઓ ૧૧૨ દિવસથી આમરણાંત ઉપવાસ પર હતા.તેમણે આ મામલે વડાપ્રધાન મોદીને ત્રણવાર પત્ર લખ્યો હતો.પરંતુ તેનો કોઇ જવાબ મળ્યો નહોતો.હવે એક આરટીઆઇમાં ખુલાસો થયો છે કે ગંગા નદી સ્વચ્છતો થઇ નથી ઉલ્ટું વધુ દુષિત થઇ ગઇ છે.વેબ પોર્ટલ ધ વાયરને આરટીઆઇ અંતગર્ત મળેલી જાણકારી અનુસાર અગાઉની તુલનામાં કોઇપણ સ્થળે ગંગા નદી સ્વચ્છ થઇ નથી.પરંતુ વર્ષ ૨૦૧૩ની તુલનામાં ગંગા નદી અનેક સ્થળે વધુ દુષિત થઇ છે.હકીકત એ છે કે ૨૦૧૪થી લઇને જુન ૨૦૧૮ સુધીમાં ગંગા નદીમાં સફાઇ માટે ૫૫૨૩ કરોડ રુપીયા ફાળવવામાં આવ્યા હતા. જેમાંથી ૩૮૬૭ કરોડ રુપીયાનો ખર્ચ થઇ ગયો છે.

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે દ્વારા આરટીઆઇ અંતગર્ત ઉપલબ્ધ કરાવવામાં આવેલી માહીતી અનુસાર વર્ષ ૨૦૧૭માં ગંગા નધીમાં બીઓડી(બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ)ની માત્રા વધુ હતી. એટલુંજ નહીં, નદીના પાણીમાં ડીઓ( ડીસોલ્ડ ઓક્સિજન)ની માત્રા મોટાભાગના સ્થળોએ ઘટી રહી છે.વૈજ્ઞાનિક માપદંડો અનુસાર સ્વચ્છ નદીમાં બીઓડીનું સ્તર ૩ મીલીગ્રામ પ્રતિ લિટરથી ઓછું હોવું જોઇએ. જો તે વધુ હોય તો તેનો અર્થ એ છે કે પાણી સ્નાન કરવા માટેકે સાફસફાઇ માટે પણ યોગ્ય નથી.

સીપીસીબીના ૨૦૧૭ના રિપોર્ટ અનુસાર ૮૦માંથી ૩૬ જગ્યાએ ગંગા નદીનું બીઓડી સ્તર ૩ મીલીગ્રામ પ્રતિ લીટરથી વધુ હતું. અને ૩૦ સ્થળે બીઓડી લેવલ ૨ થી ૩ મીલીગ્રામ પ્રતિ લિટરની આસપાસ હતું.સીપીસીબી ગંગા નદીના ઉદ્દગમ સ્થાન ગંગોત્રીથી લઇને પશ્ચિમ બંગાળ સુધી ગંગા નદીના પાણીની ગુણવત્તા ચકાસે છે. આ રિપોર્ટ અનુસાર, ઉત્તરાખંડના પ્રસિધ્ધ ધાર્મિક સ્થળ હરિદ્વારમાં ગંગાની સ્થિતિ ઘણી ખરાબ છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની સૌથી મોટી કમનસીબી એ છે કે જ્યારે જ્યારે ચુંટણી આવે ત્યારે અથવા તો તે અરસામાં પ્રજાના પૈસે કેટલાક મહાનુભાવોના નામ વટાવી ખાવામાં આવે છે.નેતાજી સુભાષચંદ્ર બોઝ, ગાંધીજી કે પછી સરદાર પટેલ.જો કે સત્તાધારી પક્ષને નહેરુ-ગાંધી પરિવારથી એલર્જી છે કેમકે તેમણે તેમને સત્તા પરથી દુર કર્યા છે,રાખ્યા છે અને દુર કરી શકે છે તેથી તેમના નામોનો ક્યારેય ઉલ્લેખ કરશે નહીં.સરકારે દેશવાસીઓને આવા નેતાઓની મહાનતા ની યાદ દેવડાવવા માટે કરોડોનો ધુમાડો કર્યો છે પરંતુ તેની કોઇ જરુર જ નથી.આ મહાપુરુષો આજીવન અકિંચન રહ્યા છે. એમણે પદ અને પ્રતિષ્ઠાનો ક્યારેય મોહ રાખ્યો નહોતો.પરંતુ આજે તેમના નામો વટાવી ખાવાની ફેશન થઇ પડી છે. જેમનું આઝાદીની લડાઇમાં કોઇયોગદાન નહોતું એવા લોકો આપણને દેશપ્રેમ શીખાડી રહ્યા છે.સાધુ બાવાઓ ચારિત્રયને પડખે રાખીને દેશપ્રેમની વ્યાખ્યા કરતા થઇ ગયા છે કારણકે ચુંટણીઓ દ્વારા સત્તા મેળવવા માટે તેઓ ન કરવાનું કરવા માટે ફરજ પડે છે.

ચુંટણીઓ ટાણે નેતાઓને શું કરવા અને ન કરવા ફરજ પાડે તે માટે વિચારવું રહ્યું.આઝાદ હિંદ ફોજની ટોપી પહેરીને લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવ્યો. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વાર એવું બન્યું.ચુંટણી નજીકમાં હોય ત્યારે નકરવાનું બધુ કરાવતી હોય છે.હજુ ૩૧મી ઓક્ટો.સરદાર પટેલનું યુનીટી સ્ટેચ્યુનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન કરશે.દેશના તમામ પ્રતિષ્ઠિતોને આ કાર્યક્રમમાં આમંત્રણ અપાયું છે.ગુજરાત સરકારે દેશ વિદેશના મહેમાનોને માટે વ્યાપક સગવડો કરી છે.ગુજરાતના મોટાભાગના તાલુકાઓમાં દુષ્કાળના ઓળા પથરાઇ ચુક્યા છે ત્યારે આવા કરોડોના આંધણથી કોનું ભલું થશે તે સરકારની સમજમાં આવતું હશે કે કેમ એ સવાલ છે ! મહાન પુરુષોની મહાનતા માટે કરોડોનું આંધણ કરવાથી લોકોમાં રાષ્ટ્રપ્રેમ જાગી ઉઠશે એવું સરકાર માને છે. રાજકારણની ગંદી રમતમાં આ બધું શક્ય છે.આવા પ્રસંગોમાં પ્રસંગની ગરિમાને બાજુ પર રાખીને નેતાઓ તેમના ભાષણોમાં વ્યક્તિગત આક્ષેપબાજીમાં ઉતરી પડે છે જો સૌથી મોટી કમનસીબી છે.

'ખાતો નથી ખાવા દેતો નથી' અને ભ્રષ્ટાચારને મુળમાંથી નાબુદ કરવાના હાકોટા પડકારા કરનારા દેશના વડાપ્રધાને સીબીઆઇમાં તેમના ગોઠવેલા વિશ્વાસુ વ્યક્તિઓ સામે ભ્રષ્ટાચારની ફરિયાદો બાદ ધરપકડ કરવાની નોબત આવી છે.ઓફિસરોની ચડસાચડસી કહો કે અન્ય બાબત હોય પરંતુ સીબીઆઇએ પોતાની આબરુ પરની પકડ ગુમાવી દીધી છે.ખુદ સીબીઆઇ જ કૌભાંડનો અડ્ડો બની ગઇ.સીબીઆઇના ઓફીસરની ધરપકડ કરીને કસ્ટડીમાં લેવાતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે.વડાપ્રધાને દરમિયાનગીરી કરી પરંતુ હવે સીબીઆઇની આબરુનું લીલામ થઇ ચુક્યું છે.

## મંતવ્ય

સીબીઆઇ પર સીબીઆઇની રેડ.ભાજપના મુખીયા જે કરે તે બધું પ્રથમવાર જ હોય તેવું ઠસાવી દેવામાં આવે છે.પરંતુ ખરેખર સીબીઆઇ પર સીબીઆઇની રેડ પડે તે દેશના ઇતિહાસમાં સૌ પ્રથમ વાર બન્યું.વડાપ્રધાનશ્રીએ ગોઠવેલા તેમના પ્યાંદા યેનકેન પ્રકારે જુદા જુદા કૌભાંડો કે કેસોમાં ફસાયા છે. જેમકે ખોટા એન્કાઉન્ટરોમાં તેમના વિશ્વાસુ પોલીસ અધિકારીઓ ફસાયા અને લાંબા સમય સુધી જેલવાસ ભોગવ્યો.છેવટે તેમને મુક્ત કરાવી દેવાયા.આમ બધું પ્રથમવાર બનતું રહ્યું. છેવટે દેશની બેન્કોનું કરી નાંખીને ભાગેડુઓ પણ તેમના મળતીયા હતા અને તેઓ પ્રથમવાર દેશના ઇતિહાસમાં કૌભાંડો કરનારા પરિબળો બન્યા.૨૦૧૪ પછી અનેક ઘટનાઓ ઘટી જે દેશના ઇતિહાસમાં પ્રથમવાર જ બની. ગીનીચ બુક ઓફ રેકોર્ડમાં એનડીએ સરકારની આવી સિધ્ધિઓને ખપાવીને મુકી શકાય.

મનહર કે ખલાસ

## મુંબઇમાં પરપ્રાતિય લોકો કામ કરવાનું બંધ કરી દેશે તો શહેર થંભી જશે

મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા સંજય નિરુપમે ગુજરાતમાં ઉત્તરપ્રદેસ અને બિહારના મજુરો પર થઇ રહેલા હુમલાઓના સંદર્ભે કહ્યુ છે કે મુંબઇમાં ઉત્તર ભારતીય સમુદાય કામ કરવાનું બંધ કરી દેશે તો સમગ્ર શહેર થંભી જશે. અને લોકોને મળતું ભોજન પણ બંધ થઇ જશે. મુંબઇ કોંગ્રેસના અધ્યક્ષ નિરુપમે કોઇ વ્યક્તિ કે રાજકીય પાર્ટીનું નામ લીધા વિના કહ્યુ હતું કે કે ઉત્તર ભારતીય સમુદાયને એવું કદમ ઉઠાવવા માટે મજબુર ના કરવો જોઇએ. હાલમાં જ ગુજરાતમાં ૧૪મહિનાની બાળકી પર થયેલા પાશવી અત્યાચારની ઘટના પછી પરપ્રાંતિય લોકોને ગુજરાત છોડી દેવાની ધમકીઓની ઘટના અંગે પણ ઉલ્લેખ કરીને તેમણે વડાપ્રધાન મોદી પર નિશાન તાક્યું હતું.ગુજરાતમાં મોટા પ્રમાણમાં પરપ્રાંતિય મજુરો કામ કરે છે અને રોજીરોટી કમાય છે.વડાપ્રધાન મોદીએ ન ભુલવું જોઇએ કે તેઓ ઉત્તર પ્રદેશના વારાણસીથી ચુંટણી જીત્યા છે.તેમણે કહ્યુ હતું કે કે મુંબઇમાં ઉત્તર ભારતીય સમુદાય લોકોના જીવનનો ધબકાર યથાવત રાખે છે. અને તેમના ખભા પરના બોજનું વહન કરે છે.

## એકાદ ઘટના અને ગુનેગાર માટે સમગ્ર સમાજને દંડિત ના કરાયઃ નીતિશકુમાર



ગુજરાતમાંથી ઉત્તર ભારતીયોની હિજરત અને તેમની પર થઇ રહેલા હુમલા અંગે બિહાર અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીઓએ ચિંતા વ્યક્ત કરી છે. તો કેન્દ્રીય મંત્રી રામ વિલાસ પાસવાને પણ તેમાં સુર પુરાવ્યો છે.ગુજરાતમાં ૧૪ મહિનાની બાળકી પર કરાયેલા પાશવી અત્યાચારની ઘટનાને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે દોષિતને સજા મળવી જોઇએ પરંતુ સાથે સાથે સમગ્ર સમાજને ચીતરીને તેને નિશાન ન બનાવવો જોઇએ. ગુજરાતના મુખ્યમંત્રી રુપાણી સાથે ટેલીફોન પર વાત કર્યા બાદ નીતિશે કહ્યુ હતું કે અમારી સરકાર તે જાણે છે અને એલર્ટ છે.મે ગુજરાતના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી છે.અમારા ચીફ સેક્રેટરી અને ડીજીપી પણ ગુજરાતમાં તેમના સમકક્ષો સાથે સંપર્કમાં છે.જો કોઇએ ગુનો કર્યો હોય તો તેને આકરી સજા મળવી જોઇએ. પરંતુ એ માટે સમગ્ર રાજ્ય સામે લોકોએ રોષ ન કાઢવો જોઇએ.



બીજી બાજુ યુપીના મુખ્યમંત્રી યોગીજીએ કહ્યુ હતું કે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી સાથે ફોન પર વાત કરી હતી. રુપાણીએ તમામ સલામતીની ખાતરી આપી હતી.યોગીજીએ કહ્યુ હતું કે છેલ્લા ત્રણ દિવસમાં કોઇ ઘટના બની નથી.તેમણે લોકોને અફવા પર ધ્યાન ન આપવા કહ્યુ હતું. જો કે કોઇ વધુ ગંભીર ઘટના બની નથી.

## કેન્દ્ર સરકારે ચાલુ ખાતાની ખાધ ઓછી કરવા માટે ટેલીકોમ સાધનો સહિતની અનેક ચીજોમાં કસ્ટમ ડ્યુટી વધારી

દેશની ચાલુ ખાતાની ખાધને ઘટાડવા માટે સરકારે અનેક ચીજો પર કસ્ટમ જકાત હાલના ૧૦ ટકાથી વધારીને ૨૦ ટકા કરી દીધી છે અને તેના કારણે ટેલીકોમ ઉપકરણ સહિત અનેક ચીજો મોંઘી બની છે.રુપીયો નબળો પડવાને કારણે ચુકવણી માટે જંગી રુપીયા ખર્ચાતા હોવાથી સરકારે બિનજરુરી ચીજોની આયાતમાં કાપ મુકી રહી છે.તેના કારણે તાજેતરમાં બીજી વખત કસ્ટમ જકાતમાં વધારો થયો છે.

દેશનું આર્થિક ફંડામેન્ટલ્સ મજબુત છે તે અંગે રોકાણકારોને ખાતરી આપવા તેમજ કોઇ પણ સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવાનો ઉરાદો છે તે જણાવવા સરકાર આ પગલું ભરી રહી છે.પોતાની ઓળખ જાહેર નહીં કરવાની શરતે એક અધિકારીએ જણાવ્યુ હતું કે ચાલુ ખાતાની ખાધ,ચુકવણીની તુલા અને રુપીયો એ અમારી મુખ્ય ચિંતાની બાબત છે. અમે આ ત્રણ બાબતો પર નજર રાખી રહ્યા છીએ.અમે એક વ્યુહ અમલમાં મુક્યો છે. જો જરુર પડશે તો સરકાર ચુકવણીની તુલાના અંતરને દુર કરવા માટે વિવિધ સ્વરુપોમાં દરમિયાનગીરી કરશે. આ ઉપરાંત પણ જરુર પડશે તો વધુ પગલાં ભરાશે. ભારતની ચાલુ ખાતાની ખાધ ૨૦૧૮-૧૯માં પ્રથમ ત્રણ મહિનામાં જીડીપીના ૨.૪ ટકા જેટલી હતી. હવે તે સંપુર્ણ વર્ષમાં વધીને ત્રણ ટકા સુધી પહોચી જશે તેંમ અર્થશાસ્ત્રીઓનું માનવું છે.મોટાપાયે મુડીનો પ્રવાહ જતો હોવાની સાથે સાથે ખાધને નાણાં સહાય એ પણ પડકાર છે. જો કે ભારતની વિદેશી હુંડિયામણની અનામતો પુરતી છે. રુપીયો આ વર્ષમાં અત્યારસુધીમાં ૧૯ ટકાથી વધુ નબળો પડ્યો છે.દેશમાં પેટ્રોલ ડીઝલના ભાવવધારાનો સીલસીલો ચાલુ છે.જો એ આ વધારો એવા સમયે થઇ રહ્યો છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિમતોમાં પાચ ડોલર સુધીનો ઘટાડો થયો છે.ભાવ ઘટાડાની સરકારે જાહેરાત કર્યા છતાં ભાવો વધતા રહ્યા છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ગુજરાતમાંથી પરપ્રાંતિયોની હિજરત : એક ગુનેગાર માટે સમગ્ર સમાજને નિશાન બનાવતું રાજકારણ ચુંટણી સમીકરણો સેટ કરવાના પ્રપંચો પૈકીનું કારણ તો નથીને ?






હિંમતનગર નજીકના ઢૂંઢર ગામે ૧૪ મહિનાની બાળકી પર થયેલા બળાત્કાર બાદ સમગ્ર રાજ્યમાં પરપ્રાંતિય મજૂરો પર શરુ થયેલા હુમલા સતત જારી રહ્યા છે. એક અંદાજ મુજબ અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસતા પર પ્રાંતિય મજુરો હિજરત કરવા મજબુર બન્યા છે.લગભગ એકાદ લાખ જેટલા પરપ્રાંતિય મજુરો ગુજરાત છોડીને હિજરત કરી ગયા છે.ગુજરાતમાં પર પ્રાંતિય પર હુમલાનો મુદ્દો સ્થાનિક સ્તરે ભાજપઅને કોંગ્રેસ વચ્ચે રાજકીય સોગઠાબાજીથી આગળ વધીને રાષ્ટ્રીય સ્તરે પણ ગુંજ્યો છે. તેના પરિણામે વડાપ્રધાન મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી રુપાણી સાથે ફોન પર વાતચીત કર્યાના અહેવાલો મળ્યા છે. અમદાવાદ સહિત રાજ્યના કેટલાક વિસ્તારોમાં પરપ્રાંતિય શ્રમિકો પર હુમલાના બનાવો જારી રહ્યા છે.ગુજરાતના ગૃહમંત્રી જાડેજાએ રાજ્યના પોલીસ વડા સાથે કોન્ફરન્સ યોજીને પરપ્રાંતીયાને રક્ષણ આપવાના અને તેમને સલામતીનો અહેસાસ કરાવવાની સુચનાઓ આપી હતી.જ્યારે મુખ્યમંત્રીશ્રીએ હુમલા કરનારાઓ સામે કડક હાથે કામ લેવાના આદેશ આપ્યા હતા.

પરપ્રાંતિયો તેમના પરિવારજનો સાથે વતન જવા માટે અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ખડકાઇ ગયા હતા.સુત્રોના જણાવ્યા મુજબ એકાદ લાખની સંખ્યામાં પરપ્રાંતિય લોકો તેમના વતન જવા નીકળી ગયા છે.જો કે છેલ્લા કેટલાક દિવસોમાં હુમલાના નવ જેટલા બનાવો નોધાયા હતા.સરકારે કડક હાથે કામ લેવાના આદેશ આપ્યા છતાં પણ બનાવો બન્યા હતા.કેટલાક વિસ્તારોમાં પાણીપુરી વેચતા લોકોને સ્થાનિક લોકોએ ભગાડી મુક્યા હતા.જો કે જાહેરમાં છેડતીનો એક બનાવ નોધાયો હતો.જે ગુજરાતની અસ્મિતાને કલંકિત કરનારો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના કોડીનાર, છારા જેટીના બાંધકામના પરપ્રાંતિય મજુરો પર સ્થાનિક ગ્રામજનો વિફર્યા હતા અને તેમને હિજરત કરવા મજબુર કર્યા હતા.ગુજરાતના ઠેર ઠેર વિસ્તારમાં કામ કરી રહેલા પરપ્રાંતિય શ્રમિકો માટે ઉચાળા ભરવા માટેનું વાતાવરણ ઊભુ થયું છે. જેના કારણે આ શ્રમિકો તેમના વતન પરત જવા મજબુર બન્યા છે. જો કે કેટલાક મુઠ્ઠીભર લોકોના આ કારસ્તાનથી ગુજરાતના સંસ્કાર લજવાયા છે.અને સરેરાશ ગુજરાતીઓ આવા બનાવોથી નાખુશ છે.જો કે જે પ્રમાણે ઘટનાઓ બની છે તે જોતાં દેશ વિદેશમાં ગુજરાતીઓને ભવિષ્યમાં શોષવાનું આવશે તેમ જણાય છે.ઉત્તર પ્રદેશ અને બિહારના લોકો તરફથી જે પ્રતિક્રિયા વ્યક્ત કરવામા આવી રહી છે તે જોતાં આ બનાવોની અસર ભારતીય જનતા પાર્ટીની છાપ ઉપર પડી શકે છે.વારાણસીમાં પણ વડાપ્રધાની આબરુના લીરા ઉડાવતા પોસ્ટરો લગાવાયા છે.મોદી અને અમિત શાહ પાછા જાવ જેવા સુત્રોચ્ચાર કરતાં ટોળાઓ જોવા મળે છે.આ પ્રદેશોનો લોકમત ભાજપની વિરુધ્ધમાં જતો જોવા મળે છે. ગુજરાત સહુ કોઇ માટે સલામત અને વ્યાપાર ધંધા માટે યોગ્ય જગ્યા ગણવામાં આવે છે. પરપ્રાંતિયોની હિજરતથી ગુજરાતના વિકાસમાં રુકાવટ આવશે કારણકે કેટલાક ઉદ્યોગો આ શ્રમિકોના આધારે જ ચાલે છે.ભાવનગરની આજુબાજુના વિસ્તારો જેવા કે અલંગ, સુરત વિસ્તારની આજુબાજુના વિસ્તારોમાં બહુમતી યુપી બિહારના શ્રમિકોની છે અને તેના કારણે ત્યાંના ઉદ્યોગો ધમધમે છેએ તમામને મોટી ખોટ પડવાની છે અને આ ઉદ્યોગો ઠપ્પ થઈ જવાના આરે ઉભા રહ્યા છે.દેશભરમાં આ ઘટનાએ પલિતો ચાંપ્યો છે. ઉત્તર ભારતમાં દેશના વિવિધ વિસ્તારોમાં શ્રમિકો કામ કરવા માટે જાય છે જો તેઓ પરત જાય તો વિકાસના પૈડા થંભી જશે.સરકાર આવા સમયમાં આ બાબતને ઝડપથી સુલટાવે તે જરુરી છે નહીતર પ્રાતવાદ ભરખી જશે.







પરપ્રાંતિયોનું પોતાના વતન તરફ પ્રયાણને કેટલાક હિતો દ્વારા તહેવારોને કારણે થઇ રહેલુ ગણાવાયું હતું. પરંતુ ખરેખર તો ભયભીત બનેલા પ્રરપ્રાંતિય લોકો પોતાના વતન તરફ જવા લાગ્યા હતા.

આ ઉપરાંત કેટલાક રાજકીય હિતો દ્વારા પણ પર પ્રાંતિયોની તરફ લાગણી બતાવાઇ નહોતી.કેટલાક રાજકીય નેતાઓને કારણે હિજરત અટકી નથી તે નિર્વિવાદ બાબત છે. કોગ્રેસ ઉપર લગાવાયેલા આરોપોની સાથે સરકારે અને સત્તાધીશ પાર્ટીના નેતાઓએ આ હિજરત અટકાવવાના કોઇ ગંભીર પ્રયાસ કર્યા નથી.

સત્તાધીશોએ માત્ર કોગ્રેસને નિશાન બનાવીને રાજકીય રીતે પોતાની ખીચડી પકાવવાનો પ્રયત્ન કર્યો છે. બિહારના કેટલાક નેતાઓ ગુજરાતમાં આવીને તપાસ કરી ગયા છે અને તેમને રાજકારણની સુઝબુઝ હોવાને કારણે તેઓ વધુ પડતા નિવેદનોથી અળગા રહ્યા છે તેમને એવું લાગ્યું છે કે અમારા જલદ નિવેદનો વધુ ભડકો કરી શકે તેમ છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

***નીલા સી.ગામડીયા***

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# શબરીમાલા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓને પ્રવેશની પરવાનગી આપતા સુપ્રીમના ચુકાદા સામે ભારે વિરોધ

શબરીમાલા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની મહિલાઓને પ્રવેશની પરવાનગી આપતો સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો જેનો કેરળમાં ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે.શબરીમાલા મંદિરના પ્રવેશદ્વાર મનાતા નિલાક્કલ અને પામ્પામાં મહિલા શ્રધ્ધાળુઓના પ્રવેશ સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોને કારણે મંદિરના કપાટ ખુલ્યાના ૨૪ કલાક બાદ પણ એકેટ મહિલા મંદિરમાં પ્રવેશ કરી શકી નથી.ખાસ કરીને હિંદુ સંગઠનો દ્વારા અપાયેલા હિંસક તોફાનોને કારણે કાયદો વ્યવસ્થામાં અવ્યવસ્થા ઊભી થઈ છે.

બંધની અસરો સમગ્ર કેરળમાં જોવા મળી હતી.શબરીમાલાના શ્રધ્ધાળુઓના વેશમાં નિકળેલા જમણેરી હિંદુ સંગઠનો અને ભાજપના કાર્યકરોએ રાહદારીઓ,પોલીસ અને સરકારી વાહનો અને જાહેર પરિવહનની બસો પર પથ્થરમારો કર્યો હતો.

શબરીમાલા મંદિર તરફ જઈ રહેલ ન્યુયોર્ક ટાઈમ્સની મહિલા પત્રકાર સુહાસીની રાજ પર તોફાનીઓએ પથ્થરમારો કરતાં પરત ફરવું પડ્યું હતું



ઉત્તરપ્રદેશમાં છેલ્લા ૧૫ દિવસોમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસાની ઘટનાઓ બની અને તેમાં હિંદુ કટ્ટરવાદી સંગઠનોએ અગત્યનો ભાગ ભજવ્યો છે.જોનપુર ડીસ્ટ્રીકમાં ૧૨ જેટલા હિસક બનાવો બન્યા છે.ઉપરોક્ત તસવીર તેનો જીવતો જાગતો પુરાવો છે.એક પાદરીને મધ્યરાત્રીએએ જગાડીને એરેસ્ટ કરવામાં આવ્યા.અને તેની પર ધર્મપરિવર્તનના આરોપ લગાવવામાં આવ્યા હતા.ચર્ચને જોડતા તમામ રસ્તાઓ બંધ કરી દેવાયા હતા.ચર્ચમાં પ્રાર્થના માટે ગયેલા લોકોને પરત ઘેર નહી જવા દેવામાં પોલીસે અગ્રેસરનો ભાગ ભજવ્યો હતો.બીજા એક પાસ્ટર જેની ધરપકડ કરવામાં આવી નહોતી પરંતુ તેને ધમકી આપવામાં આવી હતી.અને તેમને ચર્ચમાં સર્વીસ ચલાવવાની મનાઈ કરવામાં આવી હતી.એ.સી.માયકલ,ડેવલપમેન્ટ ડીરેકટર,એડીએફ ઈન્ડીયા

# શિવસેના પ્રમુખ ઉદ્દવ ઠાકરેએ રામ મંદિર બાધવામાં વિલંબ બાબતે વડાપ્રધાન મોદીને નિશાન બનાવ્યા

શિવસેના પ્રમુખ ઉદવ ઠાકરેએ અયોધ્યામાં રામ મંદિર બાંધકામમાં વિલંબ મામલે નરેન્દ્ર મોદીની સરકારને નિશાન બનાવી હતી.રામમંદિર બાંધવાની જોરદાર રજુઆત કરતાં ઠાકરેએ કહ્યુ હતું કે તેઓ ૨૫ નવેમ્બરના રોજ અયોધ્યા જશે અને આ મામલે પીએમ મોદીને સવાલ કરશે.

પાર્ટીના કાર્યકરોને સંબોધતાં ઠાકરેએ કહ્યુ હતું કે હું ૨૫મી નવેમ્બરે અયોધ્યા જઈશ.મંદિર બાંધવાના વિલંબ મામલે વડાપ્રધાનને સવાલ પુછીશ .અમે વડાપ્રધાનના દુશ્મનો નથી પરંતુ અમે લોકોની લાગણીઓ સાથે રમવા માંગતા નથી.દેશમાં હાલની રાજકીય સ્થિતિ ૨૦૧૪ના જેવી નથી તેમ કહીને તેમણે આગામી ચુંટણીઓમાં શિવસેનાના કાર્યકરોને તૈયાર રહેવાની હાકલ કરી હતી.તેમણએ એ જાણવાનો પ્રયાસ કર્યો હતો કે વડાપ્રધાન મોદી વડાપ્રધાન બન્યા પછી અયોધ્યા કેમ ગયા નથી.છેલ્લા સાડાચાર વર્ષોની અવધિમાં તેઓ અયોધ્યા ગયા નથી.રામ મંદિર બાંધવાના વચનને જો પરીપુર્ણ ન કરવું હોય તો તેને જુમલો જાહેર કરી દેવો જોઈએ.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# અયોધ્યામાં તત્કાળ મંદિર બાંધવાની હાકલ કરતાં સંઘ પ્રમુખ મોહન ભાગવત

અયોધ્યામાં રામ મંદિર બાંધવાનો આલાપ જોરશોરથી ગાવાનો શરુ થાય ત્યારે સમજી લેવાનું કે દેશમાં ચુંટણીઓનો માહોલ જામી રહ્યો છે અને ભાજપને ચુંટણી જીતવા માટે મંદિરના મુદ્દાની જરુરીયાત છે.દેશમાં પાંચ રાજયોમાં વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે સાથે સાથે ૨૦૧૯માં લોકસભાની ચુંટણીઓ આવી રહી છે.૨૦૧૪માં જે રીતે બહુમતી મેળવીને વિજય પતાકા લહેરાવી તેવી ઘટના ફરીથી એમના હકમાં બને તેવું ચિત્ર સ્પષ્ટ દેખાતું નથી તેથી હવે મંદિરનો મુદ્દો બજારમાં રમતો મુકવામાં આવ્યો છે.

વિજયાદશમીના અવસરે પોતાના વાર્ષિક સંબોધનમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે કહ્યુ હતું કે બાબરે મંદિર તોડ્યું હતું અને અયોધ્યામાં રામ મંદિરના પુરાવા પણ મળ્યા છે.હાલમાં કોર્ટમાં આ મામલો ચાલી રહ્યો છે અને તે કેટલું લાંબુ ચાલશે તે નક્કી નથી. રામ મંદિર બાંધવાની બાબતે લોકો હવે વધુ રાહ જોઈ શકે તેમ નથી તેથી હવે કાયદો ઘડીને રામ મંદિર બાંધવાનું સ્પષ્ટ કરવું જોઈએ.ભગવાન રામ ભારતના ગૌરવ પુરુષ છે. હિન્દુ સમાજ એ એકતાનો પાયો છે.તેમણે આ અવસરે શબરીમાલા, એસસી-એસટી,શહેરી માઓવાદ, પાકિસ્તાન અને સંરક્ષણ જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.તેમણે કહ્યુ હતું કે દેશના સુરક્ષા દળોને શસક્ત બનાવવા અને પાડોશીઓ સાથે શાંતિ સ્થાપક કરવાની વચ્ચે સંતુલન જાળવી રાખવાની જરુર છે.

શહેરી નકસલવાદ મુદ્દે તેમણે દેશવાસીઓને અપીલ કરી કે તેઓ સમાજમાં શહેરી માઓવાદ અને વામપથી તત્વોની હિલચાલથી સાવધ રહે.આ લોકો દેશમાં ખોટો પ્રચાર કરી રહ્યા છે અને નફરત ફેલાવી રહ્યા છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.